# ઊંઝામાં શ્રાવણિયા જુગારની મોસમ ખીલી

ઊંઝા, તા.૧૩

હિન્દુઓનો પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો છે ત્યારે ધાર્મિકતાની આડમાં જુગારની બોલબાલા વધી ગઈ છે. દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ પવિત્ર શ્રાવણ માસને અનુલક્ષીને ઊંઝા તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર જુગારની હાટડીઓ શરુ થઈ હોવાનું લોકમુખે ચર્ચાય છે.

પોલીસ દ્વારા અવારનવાર જુગાર અંગે દરોડાઓ પાડવામાં આવે છે તેમ છતાં કોણ જાણે કેમ? આ જુગારની બદી સદંતર બંધ થતી નથી. જુગારની હાટડીઓ મુખ્યત્વે રહેણાંક મકાનો, દુકાનો, જાહેર રસ્તાઓ, સોસાયટી, પોળો, મહોલ્લાના નાકાઓ પર, ફાર્મ હાઉસો, ખેતરમાં આવેલ બોરની ઓરડીઓ, અને કેટલાક ગેસ્ટ હાઉસોમાં જુગાર ચાલતો હોવાનું કહેવાય છે. કહે છે કે, પોલીસ તંત્ર દ્વારા જુગારના અડ્ડા ચલાવતા રીઢા જુગારીઓ સામે કથિત હપ્તાની લાલચે ખાસ કોઈ અસરકારક પગલાં ભરાતા નથી. જયારે જાહેરમાં ચાર પાંચ જણના જૂથમાં જુગાર રમતા તત્વોને પકડીને કેસો કરાય છે. કેટલાક કિસ્સાઓમાં પોલીસ દ્વારા આર્થિક લાભ ખાતર મોટી રકમના તોડ કરવામાં આવી રહ્યા છે તેવા આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે.

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી મિલકત વિરુધ્ધના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે. ઘરફોડ ચોરીઓ તેમજ અન્ય ચોરીઓના ગુનાઓને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં પોલીસ નિષ્ફળ નિવડયું હોવાની છાપ લોકમાનસમાં ઉભી થઈ છે.



ડીસા શહેરમાં રાજપુર લોધાવાસ વિસ્તારમાં આવેલ પૌરાણિક હરહર મહાદેવના મંદિરે પવિત્ર શ્રાવણમાસ દરયાન ભક્તોની ભીડ જોવા મળી રહી છે ત્યારે નાની બાલીકાઓ દ્વારા પણ ભગવાન શિવની પુજા અર્ચના કરવામાં આવી રહી છે જે તસ્વીરમાં દેખાય છે. (તસવીર કાન્તીલાલ લોધા ડીસા)



## રખડતા ઢોર પકડવામાં પાલીકા નિષ્ક્રિય

ખેડબ્રહ્માનગર પાલીકામાં ઢોરોનો ત્રાસ દૂર કરવામાં વહીવટીતંત્ર નિષ્ફળ રહ્યુ છે. ખેડબ્રહ્માના સરદારચોક, માણેકચોક અને બસસ્ટેશન વિસ્તારમાં રખડતા ઢોરોનો ત્રાસ ખુબ વધી ગયેલ છે. નગર પાલીકામાં અનેકવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા. જ્યારે ૧૫મી ઓગષ્ટની જિલ્લા કક્ષાનો પ્રોગ્રામ ખેડબ્રહ્મામાં હોઈ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આવવાના હોઈ નગરપાલીકાએ નાટકીય ઢબે ઢોર ડબે પૂરવાની કાર્યવાહી કરતી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યુ છે. જ્યારે મહીનાઓથી રખડતા ઢોર જૈસે થે સ્થિતિમાં હતા અને ૧૫મી ઓગષ્ટ પછી ફરીથી જોવા મળશે તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# તલોદ તાલુકા પંચાયતના પ્રમુખ સામે રૂ. ૩૮ લાખની છેતરપીંડીની ફરિયાદ

## ૩ આરોપીઓ સામે તલોદ પોલીસ ગુનો નોંધી તપાસ હાથ ધરી

હરસોલ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના રૂપાલ ગામના એક પરિવારના ત્રણ સભ્યોએ પૂર્વયોજિત કાવતરૂ રચી રૂ. ૩૮ લાખની રકમની છેતરપીંડી કરી હોવાનું પોલીસ ફરિયાદ માણસા તાલુકાના આજોલ ગામના પ્રહલાદ પટેલે તલોદ પોલીસમથકે નોંધાતા પોલીસે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

તલોદના રૂપાલ ગામના ત્રણ શખ્સોએ તલોદ ગામની સીમમાં સર્વે નં. ૬૨૪, ૫૬૬, ૬૨૮, ૬૨૫ - ૩૫ વિઘા જમીન વેચાણ આપી હતી. જે પેટે ફરિયાદના દાવા મુજબ તેઓએ જમીન માલિક એવા રૂપાલવાસી અને ક્રમશ રૂ. ૩૮ લાખ જેટલી ચુકવી દીધી હોવા છતાં દેવા મુજબ તેવો દસ્તાવેજ કરી આપવાની કે નાણા પરત કરવાની બાબતે આરોપી ઈસમો યોગ્ય કરતા ન હતા. પરિણામે આખરે પોલીસ ફરિયાદ નોંધાવવાની જમીન વેચાણ રાખનાર પટેલની ફરજ પાડી હતી.

તલોદ પોલીસે રૂપાલના સજ્જનસિંહ કે. ઝાલા,રાજેન્દ્રસિંહ ઝાલા અને ચંપાબેન ઝાલા સામે ગુનો નોંધી તલોદ પોલીસના પી.આઈ. અર્જુન ટોળીયાએ ૩ પૈકી એક આરોપી રાજેન્દ્રસિંહની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે.

# ડીસાની રામનગર સોસાયટીમાં યુવકનું શંકાસ્પદ મોત

ડીસા, તા. ૧૩

ડીસા શહેરના શાંતિનગર ખાતે રહેતા સુધાકર તીલ્લઈ (ઉં.વ. ૩૫) ગઈરાત્રીએ ઘરેથી સ્કુટર લઈ નીકળ્યા હતા. જે આજે સવારના સુમારે રામનગર સોસાયટી પાસેથી મૃત હાલતમાં મળી આવેલ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક સર્વોદય મેડીકલ સ્ટોર્સમાં ખાનગી નોકરી કરતો હતો તેવું જાણવા મળ્યું છે. તેમજ યુવક ગતરાત્રીએ પોતાના ઘરેથી નીકળ્યો હતો. મોડી રાત સુધી તેનો ફોન બંધ આવતા ઘરવાળાઓએ તેની શોધખોળ કરી હતી. બાદમાં આજરોજ યુવકની લાશ રોડ વચોવચ મળી આવી હતી. ઘટનાસ્થળેથી મળી આવેલ સ્કૂટરની ચાવી ઓફ મોડમાં હતી. યુવકને એક પગમાં તેને ઘસડ્યો હોય તે રીતની ઈજા પણ હતી. આખી રાત યુવક કોની તેમજ વહેલી સવારે નાટકીય રીતે આ યુવકની લાશ રોડ વચ્ચે કેવી રીતે આવી ? આખી રાત યુવકનો ફોન કેમ બંધ હતો ? રાત્રી રોકાણ યુવકે ક્યા કર્યું હતું ? તે તમામ બાબતો અનેક શંકાઓને જન્મ આપે છે. મૃતદેહની સ્થિતિ અહીં કંઈક અજુગતુ બન્યું હોવાનો પુરાવો પણ આપે છે. ત્યારે આ સમગ્ર મામલો ભારે શંકાસ્પદ કોઈ પોલીસે આ મામલાની જીણવટભરી તપાસ હાથ ધરી છે.



## અક્ષર પુરૂષોત્તમ સંસ્થા દ્વારા વ્યસન મુક્તિ અભિયાન

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાન દ્વારા બાળસ્વરૂપ હરિકૃષ્ણ મહારાજનું વિચરણ હોવાથી ભવ્ય રેલી-નગરયાત્રા નિકળી હતી. જેમાં વિનય સ્વામી પૂ. જીવનસ્વામી, પૂ. ધર્મ નિલયસ્વામી વિગેરે સંતો મહંતો આ ધાર્મિક પ્રસંગે નિર્વસની ગામ બને તેવા આદેશ સાથે સંકલ્પો તેમજ પ્રાર્થના યોજી હતી. (તસવીર : વિઠ્ઠલ સુથાર, ખેડબ્રહ્મા)

# પાણી બાબતે ઉપેરા ગામના સરપંચને ગામના એક શખ્સે લાફો ઝીંકી દેતા સનસનાટી

## શખ્સે સરપંચને ગાળો બોલી, લાફો ઝીંકી દઈ જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ

ઊંઝા, તા.૧૩

ઊંઝા તાલુકાના ઉપેરા ગામે સરપંચ દ્વારા પાણીના તૂટી ગયેલ જોડાણની મરામત માટે મંજૂરી અપાતાં ઉશ્કેરાયેલ ગામના જ એક ઈસમે સરપંચને અપશબ્દો બોલી, લાફા ઝીંકી દઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાનો બનાવ બનતાં ગામમાં ભારે સનસનાટી મચી જવા પામી હતી.

ઉપેરા ગામે રહેતા પટેલ નિલેશકુમાર ફુલચંદભાઈના ઘેર પાણીનું કનેકશન તૂટી ગયેલ પાણીના કનેકશનની મરામત કરવા માટે મંજુરી આપી હતી. આ મંજુરીથી ગામના જ બીજા ઈસમ રાજુભાઈ ખોડાભાઈ પટેલ ગિન્નાયા હતા અને ઉશ્કેરાઈને સરપંચને અપશબ્દો બોલી ફેંટ પકડીને લાફા ઝીંકી દીધા હતા. બાદ સરપંચને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ઘટનાથી ગભરાયેલા સરપંચ પોતાના સમર્થકો સાથે ફરિયાદ કરવા ઊંઝા પોલીસ મથક દોડી ગયા હતા.

# પ્રાંતિજમાં રાષ્ટ્રીયકૃત બેન્કના એ.ટી.એમ. મશીન બંધ થતા ભારે હાલાકી

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં રાષ્ટ્રીય કૃત બેન્કોના એ.ટી.એમ. મશીનો છેલ્લા ત્રણેક દિવસથી બંધ થઈ જતાં સામાન્ય પ્રજા ભારે હાલાકી તેમજ પરેશાની ભોગવી રહી છે.

પ્રાંતિજ શહેર એ જિલ્લાનું વેપારી મથક હોવાથી આજુબાજુના નોકરીયાતો, કિશાનો, વેપારીઓ તેમજ વૃદ્ધ અને પેન્શનરો પોતાના વહેવારો કાર્ડ કે એ.ટી.એમ.થી કરતા હોય છે. ત્યારે છેલ્લા ત્રણેક દિવસથી મોટાભાગના મશીનો ખોરવાતા લોકોને ત્રણ દિવસ નાણા મેળવવા માટે ભારે પરેશાની ભોગવવી પડી હતી. હવે આ મશીનો બંધ ન રહે અને સત્વરે ચાલુ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

# ડીસામાં હોમગાર્ડઝ જવાનો દ્વારા વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

ડીસા, તા. ૧૩

હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા દ્વારા ૧૫મી ઓગષ્ટની ઉજવણીના ભાગરૂપે છેલ્લા ચાર દિવસથી એરપોર્ટ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન બાદ મંગળવારે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ એન.એસ. નિનામાની સુચના અનુસાર હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાન્ડીંગ અમૃતભાઈ આલ (કંપની કમાન્ડર)ના માર્ગદર્શન હેઠળ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના કલાર્ક બી.વી. ભોંકુ (પ્લાટુન સાર્જન્ટ), પી.એ. પ્રજાપતિ, સેકશન લીડર જી.બી. પરમાર, એ.બી. સાધુ સહિત ૪૦ થી વધુ હોમગાર્ડઝના જાવાનોએ ૧૫મી ઓગષ્ટની ઉજવણીના ભાગરૂપે ડીસા એરપોર્ટ વિસ્તારમાં સતત છેલ્લા ચાર દિવસથી સ્વચ્છતા અભિયાન હાથ ધરી પ્લાસ્ટીક સહિતના કચરાને નાશ કરી એરપોર્ટને સ્વચ્છ બનાવ્યું હતું. જયારે મંગળવારે ડીસા એરપોર્ટ તેમજ હોમગાર્ડઝ કચેરી ખાતે સુશોભન માટે ફૂલ-છોડનું રોપણ કરવામાં આવ્યું હતું. આ અંગે ઓફીસર કમાન્ડીંગ એ.એફ. આલે જણાવ્યું હતું કે, 'હોમગાર્ડઝ જવાનો દ્વારા દર વર્ષે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવે છે અને તેને સફળતાપૂર્વક ઉછેર પણ કરવામાં આવે છે ત્યારે જવાનોએ ફરીથી વૃક્ષારોપણ કરી તેના જતન માટે શપથ લઈ વૃક્ષોનું પાલન-પોષણ કરવાની નેમ વ્યક્ત કરી છે.



# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૭૩૮ | ૮૦૬ |
| એરંડા | ૬૮૫ | ૬૯૭ |
| ઘઉં | ૩૦૮ | ૩૩૫ |
| બાજરી | ૨૩૦ | ૨૯૫ |
| ગવાર | ૯૦૦ | ૯૫૧ |
| જુવાર | ૩૦૦ | ૩૫૫ |

**સલાલ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૫ | ૬૭૫ |
| મગફળી | ૭૧૦ | ૮૫૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૭૦ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૨૦ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૦ |
| બાજરી | ૨૨૫ | ૨૭૫ |
| ડાંગર જ્યા | ૨૯૦ | ૩૨૧ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| મકાઈ | ૨૮૦ | ૩૨૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૫ |
| ગવાર | ૮૦૦ | ૯૫૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૦ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૦ | ૬૭૬ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૨૦ |
| ડાંગર | ૨૬૫ | ૨૮૫ |
| એરંડા | ૬૯૦ | ૬૯૧ |
| ગવાર | ૮૦૦ | ૯૭૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૦૦ |
| જુવાર | ૩૦૦ | ૩૬૦ |
| રાયડો | ૫૧૫ | ૫૬૫ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૭૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૦ |
| ડાંગર | ૨૬૦ | ૨૮૦ |
| એરંડા | ૬૮૫ | ૬૯૦ |
| ગવાર | ૭૭૦ | ૯૫૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૭૦ |
| તુવેર | ૫૨૦ | ૫૯૦ |
| જુવાર | ૨૮૦ | ૩૫૦ |
| રાયડો | ૫૦૫ | ૫૬૦ |

**હિંમતનગર**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૮૫૭ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૯૦ |
| બાજરી | ૨૨૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૦ |
| ગવાર | ૭૦૦ | ૯૨૫ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૫૭ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૩ |
| એરંડા | ૬૯૦ | ૬૯૯ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| મગફળી | ૬૩૦ | ૭૪૨ |
| ગવાર | ૯૨૦ | ૯૩૦ |
| જુવાર | ૩૫૫ | ૩૬૫ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૩૨ |
| ડાંગર | ૩૦૦ | ૩૩૨ |
| બાજરી | ૨૬૫ | - |
| જવ | ૨૪૯ | - |
| ગવાર | ૭૫૧ | ૯૭૫ |
| એરંડા | ૬૮૦ | ૬૮૫ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૮ | ૩૭૧ |
| બાજરી | ૨૧૫ | ૨૮૮ |
| એરંડા | ૬૭૭ | ૬૮૫ |
| રાયડો | ૬૦૬ | ૬૦૮ |

| | | |
|---|---|---|
| રાજગરો | ૧૦૭૦ | ૧૧૫૭ |
| મગફળી | ૬૦૦ | ૮૬૬ |
| અડદ | ૪૧૦ | ૪૧૧ |
| ગવાર | ૭૭૫ | ૧૦૨૧ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| રાજગરો | ૧૧૦૦ | ૧૧૫૫ |
| જવ | ૩૦૦ | - |
| રાયડો | ૫૯૫ | ૬૧૭ |
| એરંડા | ૬૬૦ | ૭૦૩ |
| ગવાર | ૭૦૧ | ૯૮૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૪ |
| બાજરી | ૨૦૦ | ૨૭૪ |
| જુવાર | ૨૭૨ | ૬૨૦ |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૫૨ |
| બાજરી | ૨૧૧ | ૩૦૬ |
| એરંડા | ૬૭૫ | ૭૦૩.૫૦ |
| રાયડો | ૫૭૩ | ૬૧૪ |
| જુવાર | ૨૬૦ | ૫૧૮ |
| તલ | ૧૮૦૦ | - |
| જવ | ૨૭૦ | - |
| ગવાર | ૫૫૧ | ૯૭૮ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૭૨૦ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૩૫ |
| રાયડો | ૫૬૦ | ૬૧૦ |
| મેથી | ૫૨૧ | - |
| સવા | ૯૦૦ | - |
| બાજરી | ૨૦૮ | ૩૦૬ |
| એરંડા | ૬૭૦ | ૭૦૦ |
| ગવાર | ૯૫૮ | ૯૬૨ |
| બંટી | ૩૮૮ | - |
| રજકાબી | ૨૧૪૦ | ૨૮૫૦ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૮ | ૩૧૭ |
| બાજરી | ૨૨૮ | ૨૮૦ |
| રાયડો | ૫૮૦ | ૫૮૯ |
| એરંડા | ૬૮૪ | ૬૮૮ |

**જોટાણા**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૪ | ૩૩૯ |
| એરંડા | ૬૭૬ | ૬૮૪ |
| રાયડો | ૫૮૯ | - |
| બાજરી | ૧૮૫ | ૨૪૯ |
| ગવાર | ૯૨૦ | ૯૭૦ |

**હારીજ**

| | | |
|---|---|---|
| ઈસબગુલ | ૬૫૬ | ૭૫૬ |
| રાયડો | ૫૯૦ | ૬૦૫ |
| એરંડા | ૬૭૦ | ૬૯૫ |
| બાજરી | ૨૦૫ | ૨૫૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૩ |
| ગવાર | ૭૫૦ | ૯૭૧ |
| ચણા | ૫૦૦ | ૬૧૭ |
| જીરૂ | ૨૨૭૦ | ૨૫૬૫ |
| સવા | ૬૦૦ | ૬૮૦ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૩૭ |
| એરંડા | ૬૮૮ | ૬૯૩ |
| બાજરી | ૨૨૪ | ૨૭૦ |
| રાયડો | ૫૭૮ | - |
| ડાંગર | ૨૬૦ | ૩૧૫ |
| ગવાર | ૯૬૬ | - |
| જુવાર | ૩૪૧ | - |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૩૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૫ |
| ગવાર | ૭૫૦ | ૧૦૦૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૦૦ | ૨૭૭૪ |
| વરીયાળી | ૬૨૫ | ૯૩૫ |
| રાયડો | ૫૭૦ | ૬૧૭ |
| એરંડા | ૬૫૦ | ૭૦૯ |
| ઘઉં | ૨૯૮ | ૩૮૮ |
| જુવાર | ૨૫૦ | ૪૯૫ |
| બાજરી | ૨૫૦ | ૨૯૦ |
| કપાસ | ૭૮૦ | ૯૭૯ |

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૪૦ | ૨૫૦ |
| બટાટા ડીસા | ૧૮૦ | ૨૫૦ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૭૦૦ | ૯૦૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૮૦૦ | ૧૦૦૦ |
| રીંગણ | ૪૦૦ | ૬૦૦ |
| રવૈયા | ૩૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૪૦૦ | ૫૬૦ |
| ફુલાવર | ૨૪૦ | ૪૪૦ |
| ટામેટા પાકા | ૩૦૦ | ૪૮૦ |
| દૂધી | ૨૪૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગીલોડા | ૪૦૦ | ૧૧૦૦ |
| મરચાં દેશી | ૪૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૪૦ |
| ગાજર | ૨૦૦ | ૩૨૦ |
| મરચા ધોલાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમીર | ૧૬૦ | ૩૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| ભીંડા | ૪૦૦ | ૭૦૦ |
| ગવાર | ૮૦૦ | ૧૧૦૦ |
| ચોળી | ૬૦૦ | ૮૦૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601